જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૨/૦૭/૨૦૨૧ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૨૪૯/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૨ | ૦ | ૧૧૬૩૨ | ૧૭૭૪૩ | ૦ | ૧૭૭૪૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૨૯ | ૦ | ૪૭૨૯ | ૬૨૬૪ | ૦ | ૬૨૬૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૯૮ | ૦ | ૯૮ | ૩૪૭ | ૦ | ૩૪૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૩૮૦૩ | ૫૭ | ૬૩૮૬૦ | ૬૪૩૮૬ | ૬૪ | ૬૪૪૫૦ |
| | કુલ | ૮૦૨૬૨ | ૫૭ | ૮૦૩૧૯ | ૮૮૭૪૦ | ૬૪ | ૮૮૮૦૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૦ | ૨૭,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૦૨ | ૭,૦૨,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૪૪ લીટર દેશી દારૂ, ૩૯ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વીજ કરંટ લાગતા પડી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૨૫૨/૨૦૨૧**

**વટવા** : માયારામ કલકુભાઇ પરશુરામ (ઉ.વ.૩૮)(રહે.સરસ્વતીનગર વિભાગ-૩, ચાંદલોડીયા, રાણીપ) તા.૦૮/૦૭/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે વટવા-ગામડી રોડ ભાગવતવીલા બંગલોઝ ખાતે લોખંડના ઘોડા ઉપર ઉભા રહી પી.ઓ.પી. નુ કામ કરતા હતા ત્યારે હાથમા રાખેલ ગ્રીલ મશીનથી વીજ કરંટ લાગતા ઘોડા પરથી નીચે પડી જતા માથાના ભાગે ઇજા થતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૭/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચેતનભાઇ હરજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૩/૨૦૨૧**

**સોલા હાઇકોર્ટ** : યોગેશકુમાર ભગવાનદાસ જોષી (ઉ.વ.૬૧)(રહે.ફોરમ એપાર્ટમેન્ટ, વિશ્વકર્મા મંદિર પાસે, ચાંદલોડીયા) એ બીમારીથી કંટાળી જઇ તા.૧૧/૦૭/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગે પોતાના રહેણાક મકાનના પાંચમા માળેથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીમાભાઇ લખાભાઇ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સીટી** : કાળુભાઇ નારણભાઇ ભાટી (ઉ.વ.૩૩)(રહે.અણદા મુખીનો વાસ, ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણોસર તા.૧૧/૦૭/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગે પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઈ.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી